# ૪થી એપ્રિલથી વિદ્યાર્થીઓ માટે બાયોરિસોર્સ વોકેશનલ તાલીમ

ભુજ, તા. ૬

ધી ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટી સંચાલિત જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ સિટી અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તા. ૪થી ૩૦ એપ્રિલ- ૨૦૧૫ દરમિયાન શાળાના વિદ્યાર્થીઓ માટે બાયોરિસોર્સ પર એક વોકેશનલ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. તાલીમ માટે હાલે દશમાં ધોરણમાં અભ્યાસ કરતા અને નવમાં ધોરણમાં ૯૦ ટકાથી વધુ ગુણ મેળવનારા વિદ્યાર્થીઓ અરજી કરી શકશે. તાલીમ માટે રાજયમાંથી કુલ ૩૩ વિદ્યાર્થીઓની પસંદગી ગુજરાત સાયન્સ સિટી દ્વારા કરવામાં આવશે. પસંદગી પામેલા વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના વૈજ્ઞાનિકો બાયોરીસોર્સ અંગે તાલીમ આપશે. તાલીમ દરમિયાન રહેવા, જમવા તેમજ ભાડા સહિતનો ખર્ચ સાયન્સ સિટી તરફથી આપવામાં આવશે. જોડાવવા ઈચ્છુકોએ www. ipsindia. org વેબસાઈટમાં ક્વીઝ પર ક્લિક કરી, ફોર્મ ડાઉનલોડ કરી અને ભરીને તા.૧૮ ફેબ્રુઆરી-૨૦૧૫ સુધીમાં સાયન્સ સિટી અમદાવાદના સરનામે મોકલવાનું રહેશે. કવર ઉપર વોકેશનલ ટ્રેઈનિંગ પ્રોગ્રામ ઓન બાયોરિસોર્સ લખવાનું રહેશે.

વધુ માહિતી માટે જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર-ભુજનો સંપર્ધ સાધવા જણાવાયું છે.

Scanned by CamScanner